## પ્રાંતિજ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૧ મી જન્મ જયંતિની ઉજવણી કરાઈ



સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે પણ ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૩૧ મી જન્મ જયંતિની ઉજવણી પ્રાંતિજ સહિત તાલુકામાં ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી જેમાં ભાજપ - કોંગ્રેસ તથા વિવિધ સંસ્થાઓ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર ની પ્રતિમા ને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી તો સમગ્ર પ્રાંતિજ તાલુકા અનુસુચિત જાતિ સમાજ દ્વારા પ્રાંતિજ ત્રણ રસ્તા ઉપર થી ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે આવેલ ડૉ.બાબાસાહેબ આંબેડકર ના બાવળા સુધી બાઈક રેલી યોજીને ડૉ.બાબાસાહેબ ની પ્રતિમાને ફુલ હાર પહેરાવવામા આવ્યા હતા.

## ભાવપુર ગામે હારમોની પ્લાસ્ટિક પ્રા.લી. ના સહયોગથી આરો પ્લાન્ટ પાણીની પરબનું લોકાર્પણ....



હિંમતનગર તાલુકાના ભાવપુર ગામે હારમોની પ્લાસ્ટિક પ્રાઈવેટ લીમીટેડના સહયોગથી સ્થાનિક સાર્વજનિક ગ્રામજનોના હિતાર્થે પીવાનું સ્વચ્છ પાણી મળી રહે તે હેતુથી રવિવારના રોજ આરો ફિલ્ટર પ્લાન્ટની સુવિધા સાથે પાણીની પરબનું લોકાર્પણ હારમોની પ્લાસ્ટિક પ્રાઈવેટ લિમિટેડના સીઈઓ અને પ્રેસિડેન્ટશ્રી સંદીપ બાબુલાલ બાપના તથા સ્થાનિક ગ્રામ પંચાયત સરપંચશ્રી અર્જુનસિંહ રાઠોડના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડાયરેક્ટર સૌરભ બાપના, રમેશ શર્મા, ભાવપુરના અગ્રણી બાબુભાઈ વણકર તેમજ ગ્રામ પંચાયતના સભ્યો તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## મેઘરજ જૈન સમાજ દ્વારા મહાવીર જયંતીની ભવ્ય ઉજવણી કરાઈ



મેઘરજ જૈન સમાજવાડી ખાતે ગુરુવારે મહાવીર જન્મ જયંતી નિમિત્તે મહાવીર જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.જેમાં તેરા પંથ સંપ્રદાયના ભાવિક ભક્તો સહીત આગેવાનો હાજર રહ્યા હતા. તેરા પંથ સંપ્રદાયના આચાર્ય દ્વારા મહાવીર ભગવાનના અહિંસા અને સેવાના પ્રેરણાદાયી વિચારોનું ભક્તોને રસપાન કરાવવામાં આવ્યું હતું.જેમાં અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન મંત્રી ભીખાજી ડામોર, મેઘરજ સરપંચ સહીત તેરા પંથ સંપ્રદાયના પ્રચારકોએ હાજર સહીત મહાવીરદાદાના અહિંસા અને માનવ કલ્યાણના વિચારો રજૂ કરી ભક્તિ ભાવ ભર્યું વાતાવરણ નિર્માણ કર્યું છે.ગુરુવારે સવારે નગરમાં ફેરી યોજ્યા બાદ તેરા પંથ સમાજવાડી ખાતે મોટી સંખ્યામાં જૈન સમાજના યુવાનો મહિલાઓ અને વડીલો હાજર રહી આચાર્ય અને મુનિ દ્વારા આપવામાં આવેલા સદવિચારોનો લાભ લીધો હતો.જૈન સમાજ મેઘરજના ગોપાલભાઈ જૈન,લોકેશભાઈ જૈન,લાડુભાઈ જૈન, બાબુભાઈ જૈન, મુકેશભાઈ જૈન સહીત આગેવાનો સુંદર આયોજન કરી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## ભિલોડા તાલુકાના વણઝર ગામમાં વણઝર યુવા સંગઠન દ્વારા ભીમ ડાયરો યોજાયો




અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વણઝરમાં વણઝર પ્રાથમિક શાળાના પરીસરમાં વણઝર યુવા સંગઠન દ્વારા ભારતીય બંધારણના ઘડવૈયા અને સમાજ સુધારક,વિશ્વ રત્ન ડો. બાબા સાહેબ ભીમરાવ આંબેડકરજી ની ૧૩૧ મી જન્મ જયંતિ નિમિત્તે ભવ્ય ભીમ ડાયરો યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન સ્વ. ડો. અનિલભાઈ જે.જોષીયારા (ધારાસભ્ય) ના સુપુત્ર કેવલભાઈ જોષીયારા,ભિલોડા તાલુકા પત્રકાર એકતા સંગઠન ના પ્રમુખ જીતભાઈ ત્રિવેદી,દિનેશભાઈ પરમાર,વણઝર ગ્રુપ ગ્રામ પંચાયત ના યુવા સરપંચ સંકેતભાઈ ચૌધરી,રાજકીય અને સામાજીક આગેવાનો સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ખેડબ્રહ્મા શહેર ભાજપ દ્વારા ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરાઈ




ભારત રત્ન અને બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરે જીવનભર સમાનતા માટે સંઘર્ષ કર્યો હતો તેથી તેમના જન્મદિવસને સમાનતા દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે. તેવા ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની જન્મજયંતિના પાવન પર્વએ ખેડબ્રહ્મા શહેર ભાજપ દ્વારા પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ખેડબ્રહ્મા શહેર ભાજપ પ્રમુખ અરવિંદભાઈ રાવલ, નગરપાલિકા પ્રમુખ સાગર પટેલ, કારોબારી ચેરમેન બ્રિજેશ બારોટ, જીલ્લા ભાજપ મહામંત્રી મીનાબેન જોષી સહીત ભાજપના અન્ય પદાધિકારીઓ તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મધમધતી મહુડાંની સુગંધ

### ગ્રામ્ય વિસ્તારોની પ્રજા મહુડાં વિણવામાં વ્યસ્ત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મહુડાંના વૃક્ષો મહુડાંના ફળથી લચી પડ્યા પછી અત્યારે મહુડાં ખરવાની સીઝન ચાલતી હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાં મહુડાંની મદહોશ સુગંધ પ્રસરવા લાગી છે. જ્યારે ગ્રામ્ય પ્રજા પણ મહુડાં વિણવાના કામમાં વ્યસ્ત જણાઈ રહી છે. મહુડાંમાંથી દેશી દારૂ બનતો હોવાથી તેના વેચાણ પર પ્રતિબંધ હોવા છતાં મહુડાંના વૃક્ષો ગ્રામ્ય પ્રજા માટે કલ્પવૃક્ષ સમાન બની રહ્યાં છે.

મહુડાનું વૃક્ષ અનેક રીતે ઉપયોગી હોવાથી જિલ્લાની આદિવાસી પ્રજા મહુડાના વૃક્ષને કમાઉ દિકરા સમાન ગણતી હોય છે. જિલ્લામાં અન્ય લીલાં વૃક્ષોનું નિકંદન નિકળી ગયું છે પરંતુ મહુડાંની ઉપયોગીતાના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં અસંખ્ય મહુડાના વૃક્ષો જોવા મળીરહ્યાં છે. હાલના ચૈત્ર માસમાં મોટા ભાગના વિસ્તારોમાં મહુડાના વૃક્ષ ઉપરથી લીલાં મહુડાં ખરવાની સીઝન શરૂ થઈ હોવાથી મહુડાની માદક સુગંધથી સવારે ગ્રામ્ય વિસ્તારોના સીમાડા મધમધી ઉઠતા હોય છે. આયુર્વેદમાં પણ મહુડાના અનેક ઉપાયો વર્ણવાયેલા છે. પરંતુ તેનો દેશી દારૂ બનાવવામાં વધુ ઉપયોગ કરાતો હોવાથી તેના વેચાણ ઉપર પ્રતિબંધ લગાવી દેવાયો છે અને તેના કારણે જ મહુડાં બદનામ થતાં હોય છે. મહુડાનું લાકડું સાગની જેમ કઠણ હોવાથી કેટલાક વિસ્તારોમાં તો તેના લાકડામાંથી ઘરના બારી-બારણા તથા દરવાજા બનાવવામાં પણ તેનો ઉપયોગ થતો હોય છે જ્યારે મહુડાની ડોળમાંથી તેલ બનાવાતું હોવાથી મહુડો ગ્રામ્ય પ્રજા માટે અનેક રીતે ઉપયોગી વૃક્ષ બની રહ્યો છે જ્યારે લીલા મહુડાની મોટી માંગ રહેતી હોવાથી મહુડાં ખરવાની સીઝન દરમ્યાન ગ્રામ્ય પ્રજા વહેલી સવારે મહુડાના વૃક્ષો નીચે જઈ ટોપલે ટોપલા મહુડાં વીણી એકત્ર કરતી હોય છે અને તેના વેચાણ દ્વારા ઘરનું ગુજરાન ચાલી જતું હોય છે. હાલ શાળાઓમાં વેકેશન જેવો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે ગ્રામ્ય વિસ્તારોના બાળકો પણ સવાર પડતાં મહુડાં વીણવા માટે નિકળી પડતાં હોય છે. જિલ્લાભરમાં હાલ મહુડાં વીણવાની સીઝન શરૂ થઈ હોવાથી ગ્રામ્ય વિસ્તારોના સીમાડા સવારે લીલા મહુડાંની માદક સુગંધથી મધમધતા થઈ જતા હોય છે.



# સર્પોનો મેટીંગ પીરીયડ શરૂ : જિલ્લામાં સાપ નિકળવાના બનાવોમાં વધારો

### સાપ માટે સંવનનની સીઝન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં અસહ્ય ગરમીમાં સાપ નિકળવાના બનાવ વધી ગયા છે. રહેણાંક વિસ્તાર અને રસ્તા ઉપર ગમે ત્યાં સાપ દેખાતા હોવાથી સામાન્ય પ્રજામાં ભયનું આવરણ ફેલાયું છે પરંતુ સાપ નિકળવાનું સાચુ કારણ ગરમી નહીં પરંતુ સર્પોનો મેટીંગ પીરીયડ શરૂ થયો છે જે જુલાઈ મહિના સુધી ચાલનારો હોવાથી સાપ નિકળવાના બનાવો હજુ પણ વધશે તેવું સર્પવિદો જણાવી રહ્યા છે.



જિલ્લામાં કાળઝાળ ઉનાળામાં ધરતી ધગધગવા લાગતાં દરમાં રહેતા સરીસૃપો બહાર નિકળી આવતાં સર્પોનો ઉપદ્રવ તમામ વિસ્તારોમાં જોવા મળી રહ્યો છે. સામાન્ય રીતે જંગલ, ગીચ જાળીઝાંખરાં અને અવાવરૂ જગ્યામાં રહેતા સાપ છેલ્લા કેટલાક દિવસોમાં માનવ વસતીમાં ટહેલવા લાગ્યા છે. જિલ્લામાં સાપ નિકળવાના બનાવોમાં નોંધપાત્ર વધારો થતાં ગરમીના કારણે સાપ નિકળતા હોવાનું અનુમાન પ્રજા લગાવી રહી છે પરંતુ હકીકતમાં હાલમાં સર્પો માટે મેટીંગની શ્રેષ્ઠ સીઝન શરૂ થઈ છે જેથી સહવાસ માણવા માટે સાપ આમથી તેમ ટહેલતા હોવાથી સાપ નિકળવાના બનાવો વધી ગયા છે. જિલ્લામાં સોસાયટી વિસ્તારો, ગ્રામ્ય વિસ્તારોનાં ફળીયાં તથા રસ્તાઓ ઉપર સાપ જોવા મળવાના બનાવો સામાન્ય બની રહ્યા છે.કારણ કે સાપ માટે મેટીંગ પીરીયડ શરૂ થયો છે જે જુલાઈ સુધી ચાલનારો છે અને ઑગષ્ટમાં સાપ ઈંડા મૂકશે. જિલ્લામાં આમ મેટીંગ સીઝનના કારણે સાપના બહાર નિકળવાનું પ્રમાણ વધી જતાં આમપ્રજા ભયના આવરણ હેઠળ આવી ગઈ છે.

### અરવલ્લી જીલ્લો ભીમમય બન્યો

# બાબા સાહેબની ૧૩૧મી જન્મ જયંતિની હર્ષોલ્લાસ સાથે ઉજવણી : ઠેર ઠેર જય ભીમના નાદ ગૂંજ્યા

**મોડાસામાં ડૉ.બાબા સાહેબ આંબેડકર જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી ભવ્ય શોભાયાત્રા નીકળી**

મોડાસા, તા. ૧૪

ભારતના બંધારણના ઘડવૈયા અને મહામાનવ ડો.બાબા સાહેબ આંબેડકરની



૧૩૧ મી જન્મ જયંતિની ઉજવણી અરવલ્લી જીલ્લાના મોડાસા શહેર સહીત અનેક વિસ્તારોમાં ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ હતી. અનુસૂચિ જાતિ સમાજના અબાલ, વૃદ્ધ, યુવા સૌ ભીમ મય બન્યા હતા. જીલ્લામાં ઠેર ઠેર ડો.બાબા સાહેબ આંબેડકરની રેલીઓ,સભાઓ, ફિલ્મ પ્રદર્શન અને રાત્રી કાર્યક્રમોનું આયોજન વિવિધ સંગઠનો અને સંસ્થાઓ દ્વારા યોજાયા હતા. જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ડો.આંબેડકર સેના અરવલ્લી અને અનુસૂચિત સમાજ દ્વારા ભવ્યાતિભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટીસંખ્યામાં જીલ્લાના પ્રજાજનો ઉમટી પડ્યા હતા.

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ભીમ સૈનિકો અને અનુસૂચિત જાતિ સમાજના યુવાનો અને અગ્રણીઓ એ ડૉ.બાબા સાહેબ આંબેડકરની ૧૩૧ મી જન્મજયંતિ નિમિત્તે ભવ્યરથયાત્રા અને રેલીનું નું આયોજનકરવામાં આવતા રથયાત્રા અને રેલીમાં યુવાનો,મહિલાઓ અને ભૂલકાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. મોડાસા ચાર રસ્તા પર આવેલા બી.આર.સી ભવનના મેદાનમાંથી ડો.બાબાસાહેબ આંબેડકર ની ભીમ રેલી શહેરના મુખ્યમાર્ગો જેવા કે, માલપુર રોડ,ઋષિકેશ સોસાયટી અને પ્રણામીનગર,પારસ થઈ મેઘરજ રોડ થઈ પરત ફરી હતી. રથયાત્રામાં ડી.જે. ના તાલે ડો.બાબા સાહેબ આંબેડકર ન જીવનચરિત્ર પર બનેલા ગીત-સંગીતના તાલે જુમી ઉઠ્યા હતા મોડાસા શહેરના માર્ગો જય ભીમના નાદથી ગુંજી ઉઠ્યા હતા.

અરવલ્લી જીલ્લાના ભિલોડા,મઉ, શામળાજી, ટીંટોઈ,બામણવાડ, કુડોલ દધાલીયા, માલપુર, મેઘરજ, બાયડ, સાઠંબા,



ધનસુરા, ઉભારણ, અણીયોર-સાતરડા સહીત તાલુકા મથકોએ અને ગ્રામ્ય વિસ્તારોમાં ૧૩૧ મી ડો.બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ ઉજવણી નીમીત્તે શોભયાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમો, રેલી સહીત ના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

# સરડોઈમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિની ઉજવણી કરાઈ...

### અનુસૂચિત સમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રા યોજાઈ



સરડોઈ, તા.૧૪

મોડાસા તાલુકાના સરડોઈ ગામે ગુરૂવારે ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર અનુસૂચિત જાતિ સમાજ દ્વારા આ પ્રસંગે વિશાળ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવાનો દ્વારા ઉજવણીની પૂર્વ સંધ્યાએ ડૉ. ભીમરાવ આંબેડકરના જીવન કવન વિશે ફિલ્મ દર્શાવવામાં આવી હતી. સૌપ્રથમ વાર ઉત્સાહપૂર્વક કરવામાં આવેલી ઉજવણીમાં સન્માન સમારોહનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જય ભીમના નારા સાથે ગામના વિવિધ વિસ્તારોમાં નીકળેલી ભીમ રેલીએ આકર્ષણ જમાવ્યું હતું. દેશના બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરની ૧૩૧મી જન્મજયંતિ પ્રસંગે સરડોઈ અનુસૂચિત જાતિ સમાજ દ્વારા ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સવારે ૧૦ થી ૨ કલાક દરમ્યાન અનુસૂચિત જાતિ સમાજ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી રેલી યોજવામાં આવી હતી. સૌપ્રથમવાર આયોજીત રેલી દરમ્યાન કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાયેલી રહે તે માટે ઉજવણીની પૂર્વ સંધ્યાએ પોલિસ દ્વારા ગામમાં માર્ચપાસ્ટ યોજવામાં આવી હતી. ગરીબો, શોષિતો અને વંચિતોના તારણહાર ડૉ. બાબાસાહેબની જન્મજયંતિ પ્રસંગે આયોજીત રેલીમાં મોટી સંખ્યામાં ભીમસેના, દલિત સંગઠનના યુવકો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ગામના અન્ય સમાજના રહીશોએ પણ ઉજવણીમાં ઉપસ્થિત રહી સામાજીક સમરસતાના દર્શન કરાવી ઉદાહરણ પુરું પાડ્યું હતું.

# ભારત વિકાસ પરિષદ મોડાસાની સાધારણ સભા યોજાઈ : નવી કારોબારીની રચના કરાઈ

મોડાસા, તા. ૧૪

ભારત વિકાસ પરિષદ શાખા મોડાસાની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી જેમાં ગાંધીનગર થી ફાલ્ગુનભાઈ એ ભારત વિકાસ પરિષદ વિશે માહિતી આપી હતી અને મોડાસા ભારત વિકાસ પરિષદ ના કાર્યો ને બિરદાવ્યા તેમજ મૌલિકભાઈ પટેલ મહિલા સંયોજક તરીકે મિત્તલ બેન જી સોની કારોબારી સભ્યો માં આનંદભાઈ પટેલ ગૌતમભાઈ




મધ્ય પ્રાંત પ્રમુખ ફાલ્ગુનભાઈ વોરા તથા વિભાગીય મંત્રી નિકેશભાઈ સંખેસરા ઉપસ્થિત રહ્યા હતા .મોડાસા શાખાના પ્રમુખ ડો નાગેન્દ્ર સિંહ બીહોલા આવેલા તમામ મહેમાનો ને આવકાર્ય હતા અને ભારત વિકાસ પરિષદ ની આવનારા વર્ષ ના કાર્યો વિશે માહિતગાર કર્યા હતા મંત્રી રાજેન્દ્રભાઈ પટેલે ગયા વર્ષ દરમ્યાન કરેલ કાર્યો ની માહિતી આપી હતી.ખજાનચી ગૌરાંગ સોની એ ગયા વર્ષ નો હિસાબ રજૂ કર્યો હતો .મધ્યપ્રાંત ના પ્રમુખ હતા. ધર્મજાગરણ મંચના મોહનકાકા,પણ ઉપસ્થિત રહ્યા હતા. ફાલ્ગુનભાઈ એ વર્ષ ૨૦૨૨, ૨૩ની.નવીન કારોબારી ની જાહેરાત કરી હતી જેમાં પ્રમુખ તરીકે ડૉ નાગેન્દ્રસિંહ બીહોલા મંત્રી રાજેન્દ્રભાઈ પટેલ ખજાનચી ગૌરાંગ સોની ઉપપ્રમુખ જયેશ ગાંધી, સુમનભાઈ પટેલ,નીરજ શેઠ , બિહારિભાઈ પટેલ વિગેરે ની વરણી કરવામાં આવી હતી. યુવા સંયોજક ઉત્તમભાઈ પટેલ પ્રચાર-પ્રસાર મંત્રી નીતિનભાઈ પંડ્યા સહમંત્રી હિતેશભાઈ પટેલ જૈન ,ઋજુલભાઈ પટેલ , પ્રો. ડો. અશોકભાઈ શ્રોફ, ડો.પ્રિ.આર. સી. મહેતા, પ્રો ડૉ પ્રજ્ઞેશભાઈ ત્રિવેદી સલાહકાર સમિતિમાં મોહનભાઈ પટેલ, નરેન્દ્રભાઈ પટેલ, વસંતભાઈ આર પટેલ ,રોહિતભાઈ એસ.પટેલ ડો.પ્રિ.જગદીશભાઈ પ્રજાપતિ ની વરણી કરવામાં આવી હતી



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સીતવાડા ખાતે તાલુકા વિકાસ અધિકારી નિતીનભાઈ ચૌધરીએ પ્રધાન મંત્રી આવાસ યોજના અંતર્ગત બનીરહેલ મકાનોની સ્થળ મુલાકાત લઈને કામગીરી સત્વરે પૂર્ણ કરવા સુચના કરવામા આવી.

## ભિલોડામાં ડૉ. આંબેડકરની ૧૩૧મી જન્મ જયંતી અને સમરસતા દિનની ઉજવણી



ભિલોડા,તા.૧૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે ડો.બાબાસાહેબ આંબેડકર ચોકમાં આંબલી બજાર વિસ્તારમાં ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૩૧ મી જન્મ જયંતી અને સમરસ્તા દિન નિમિત્તે આનંદ ઉલ્લાસભેર ઉજવણી યોજાઈ હતી.ભારત રત્ન અને બંધારણના ઘડવૈયા ભીમરાવ ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર પહેરાવી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા. ડો.બાબાસાહેબ આંબેડકરજી અમર રહો,જય ભીમ નો ગગનભેદી નારો ગુંજતો હતો. આ પ્રસંગે યોગેશભાઈ બુદ્ધ, શ્યામભાઈ પરમાર,જશુભાઈ પંડયા, દિલીપભાઈ સાહેબ,વિજયભાઈ પરમાર, કેતનભાઈ પંડયા, રાજેશભાઈ નિનામા,મનોજભાઈ પટેલ,કિર્તીભાઈ બારોટ, રસીકાબેન ખરાડી, મુકેશભાઈ મહેતા, જીગરભાઈ ત્રિવેદી, રામઅવતાર શર્મા, અમૃતભાઈ નિનામા, વિપુલભાઈ જોષી, ચેતનસિંહ કચ્છાવા સહિત રાજકીય, સામાજીક આગેવાનો, હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



સચિન કુમાર મુકેશભાઈ પટેલ
ગુલાબ પુરા પ્રાથમિક શાળા
મોડાસા જિલ્લો અરવલ્લી



તુષારભાઈ ધીરુભાઈ પટેલ
આકરુંદ હાઇસ્કુલ
પ્રાથમિક વિભાગ
આકરુન્દ તાલુકો ધનસુરા



શૈલેષભાઈ બી. પ્રજાપતિ
મામલતદાર શ્રી
ગાંધીનગર હાલ
હિંમતનગર